**તાપમાન**
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૧ — ૨ એપ્રિલ, ૨૦૧૬, શનિવાર ; ફાગણ વદ - ૯ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦







**ફટાફટ ન્યુઝ**

- ત્રાસવાદની સામે સાથે મળી લડવાની જરૂર : નરેન્દ્ર મોદી
- તાજ મહેલ-લાલકિલ્લાની ટિકિટમાં ત્રણ ગણો વધારો
- બિનસબસિડીવાળા ગેસ સિલિન્ડર કિંમતમાં ચાર રૂપિયા સુધી ઘટાડો
- સેંસેક્સ ૭૨ પોઇન્ટ ઘટીને ૨૫૨૭૦ની સપાટી ઉપર
- પુરતી સુરક્ષા પુરી પાડવા કનૈયા અને ખાલિદ દ્વારા ઉગ્ર માંગણી
- પંજાબમાં એએપી ૧૦૦ બેઠક જીતી શકે છે :સર્વેક્ષણનું તારણ
- કોલકાતા ફ્લાયઓવર : પાંચ અધિકારીઓની પુછપરછ થઇ

# હોમ લોન સસ્તી થવાની શરૂઆત

**આરબીઆઈની નવી વ્યાજદર ફોર્મ્યુલા અમલી : દેશની સૌથી મોટી ધિરાણ આપતી બેંક એસબીઆઈ દ્વારા પણ હોમલોન રેટ ઘટાડીને ૯.૪ ટકા કરાયો : માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ આધાર પર રેટ નક્કી**

નવીદિલ્હી,તા. ૧

હોમ લોન સસ્તી થવાની રાહ જોઈ રહેલા લોકોને આખરે રાહત થઈ છે. કારણ કે હોમ લોન સસ્તી થવાની શરૂઆત થઈ ચુકી છે. નવી વ્યાજદરની ફોર્મ્યુલા આવી ગયા બાદ હોમ લોન સસ્તી થવાની શરૂઆત થઈ છે. ૧૫ વર્ષની લોન જે ૫૦ લાખની લેશે તેમાં ૩૦૦ રૂપિયા સુધીનો ઘટાડો ઈએમઆઈ ઉપર થઈ શકે છે. બેંક ઓફ ઈન્ડિયાએ આજથી અમલી બને તે રીતે તેની હોમ લોનના રેટ ઘટાડીને ૯.૪ ટકા કરી દીધા છે. દેશભરમાં બેંકો દ્વારા આ પ્રકારની રણનીતિ અપનાવવામાં આવે તેવી શક્યતા છે. ધિરાણદરની રણનીતિ કરવામાં આવી રહી છે. ડિસેમ્બર ૨૦૧૫માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જાહેર કરેલા નવા નિયમોમાં રેટમાં ક્યારે સુધારો કરવામાં આવે તે અંગે નિર્ણય લેવાની સ્વતંત્રતા બેંકો પાસેથી લઈ લેવામાં આવી છે. રેટ હવે ફંડના માર્જિનો ખર્ચના આધાર પર નક્કી કરવામાં આવશે. બીજા શબ્દોમાં બેંકોને ફંડના તેમના ખર્ચની નિયમિતરીતે ગણતરી કરવી પડશે. સાથે સાથે કોઈપણ ફેરફારના સંદર્ભમાં માહિતી આપવી પડશે.

● અનુસંધાન પાન-૭ પર

# મસુદ પર પ્રતિબંધના પ્રયાસ સામે ચીનનો વિરોધ

**૧૫ પૈકી ૧૪ દેશોનો ભારતને ટેકો આપ્યો પરંતુ ચીને વિરોધ કર્યો : કોઈ કારણ આપ્યા વગર હમેંશની જેમ ભારતના પ્રયાસોની સામે ચીને વાંધો ઉઠાવ્યો : અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટન સહિતના દેશો ભારતની સાથે રહ્યા**

સંયુક્ત રાષ્ટ્ર,તા. ૧

ત્રાસવાદના મુદ્દે ચીનો ખતરનાક બેવડી રણનિતી અપનાવી છે જે ફરી એકવાર સાબિત થઈ ગઈ છે. ભારતના પઠાણકોટ ત્રાસવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ અને પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદના લીડર મૌલાના મસુદ અઝહર પર પ્રતિબંધ મુકવાના ભારતના પ્રયાસોને ૧૫ દેશોપૈકી ૧૪ દેશોએ ટેકો આપ્યો છે. જો કે હમેંશની જેમ જ ચીને ફરી વાંધો ઉઠાવ્યો છે. કોઈ પણ કારણ આપ્યા વગર ચીને આ હિલચાલ સામે વાંધો ઉઠાવ્યો છે. ભારતની સાથે જે ૧૪ દેશો રહ્યા છે તેમાં અમેરિકા અને ફ્રાન્સનો સમાવેશ થાય છે. સુત્રોએ કહ્યુ છે કે પાકિસ્તાન સાથેના સારા સંબંધના કારણે ચીન દ્વારા આ વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. જે ખતરનાક વલણ છે. આના કારણે ત્રાસવાદી ગતિવિધીને પ્રોત્સાહન મળે છે. સાથે સાથે ત્રાસવાદ મુદ્દે દુનિયાના દેશો એકમત નથી તે બાબત સાબિત પણ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# વિમાની યાત્રા સહિત ઘણી સેવા વધારે મોંઘી બની

**પ્લાસ્ટિક બેગ, રોપવે, લિગલ સર્વિસ, લોટરી ટિકિટ, રેડિમેડ વસ્ત્રો મોંઘા : ફુટવેર તેમજ પેન્શન પ્લાન સસ્તા**

નવીદિલ્હી,તા. ૧

નાણામંત્રી અરુણ જેટલીએ વર્ષ ૨૦૧૬-૧૭ માટેના બજેટમાં ટેક્સ માળખામાં ફેરફાર કર્યા બાદ આજથી ઘણી બધી ચીજવસ્તુઓ ખુબ જ મોંઘી બની ગઈ છે. જો કે કેટલીક સેવાઓ સસ્તી પણ બની છે. આજથી જે ચીજવસ્તુઓ મોંઘી બની ગઈ છે તેમાં કાર, સિગારેટ, બ્રાન્ડેડ ગારમેન્ટ, વિમાની પ્રવાસનો સમાવેશ થાય છે. બીજી બાજુ ફુટવેર, સોલાર લેમ્પ, રાઉટર્સ જેવી વસ્તુઓ સસ્તી બની ગઈ છે. બીજી બાજુ નાની બચત યોજનાઓ પર વ્યાજદરમાં ઘટાડો પણ આજથી અમલી બનાવી દેવામાં આવ્યો છે. આનો મતલબ એ થયો કે




● અનુસંધાન પાન-૭ પર

# ગેસ કેડરના ૧૧ અધિકારીને આઈએએસ તરીકે બઢતી

ગાંધીનગર, તા.૧

કેન્દ્ર સરકારે આજે ગુજરાત એડમિનિસ્ટ્રેટીટ સર્વિસ (ગેસ) કેડરના ૧૧ અધિકારીઓને આઈ એ એસ કેડરમાં બઢતી આપવાના આદેશ જારી કર્યા હતા. ગેસ કેડરમાંથી આઈ એ એસ કેડરમાં બઢતી મેળવનારામાં વડાપ્રધાન કાર્યાલયમાં ફરજ બજાવતા સંજય ભાવસાર તથા મુખ્યમંત્રીના કાર્યાલયમાં ફરજ બજાવતા જે ડી દેસાઈનો પણ સમાવેશ થાય છે. કેન્દ્ર સરકારે જે ૧૧ અધિકારીઓને આઈ એ એસ કેડરમાં બઢતી આપી છે તેમના નામ આ મુજબ છે.

| નામ | જન્મતારીખ |
|---|---|
| બી એ શાહ | ૫-૭-૧૯૬૭ |
| ડી કે પારેખ | ૧૩-૧-૧૯૬૪ |
| એસ આર ભાવસાર | ૨૦-૭-૧૯૬૩ |
| જે ડી દેસાઈ | ૯-૭-૧૯૬૩ |
| એ બી ગોર | ૧૬-૩-૧૯૬૪ |
| વી જે રાજપુત | ૨૩-૧૨-૧૯૬૫ |
| ડી એચ શાહ | ૧૦-૧૧-૧૯૬૪ |
| બી પી ચૌહાણ | ૨૦-૭-૧૯૬૬ |
| એસ એમ ખટાણા | ૧-૬-૧૯૬૦ |
| આર આર રાવલ | ૨૪-૬-૧૯૬૧ |



ગેર મહોત્સવ - હોળીના સાતમા દિવસે ઉજવાતી મારવાડી સાતમ માણવાની મજા પણ અનોખી હોય છે... અમદાવાદ - ગાંધીનગરમાં રહેતા રાજસ્થાની પરિવારો ઉત્સાહપૂર્વક ઢોલના તાલે નાચે છે અને લઠ સાથે ઝુમે છે... લઠ મારની એક અનોખી મસ્તી હોય છે... ગેર ઉત્સવમાં અસંખ્ય મારવાડી પરિવારો જોડાયા હતા અને સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા...

# આ વર્ષે ગરમી વધુ પડશે-હવામાન વિભાગની આગાહી

**એપ્રિલ-જૂન માટે આઈએમડીની પ્રથમ આગાહી જારી : તાપમાન સામાન્ય કરતા એક ડિગ્રી વધારે રહે તેવો અંદાજ**

નવીદિલ્હી,તા. ૧

ભારતીય હવામાન વિભાગે એવી આગાહી કરીને લોકોની ચિંતા વધારી દીધી છે કે, આ વખતે વર્ષ ૨૦૧૬માં વધારે ગરમ હવામાન રહેશે તથા તાપમાન પણ વધારે રહેશે. સામાન્ય તાપમાન કરતા ઉંચુ તાપમાન રહેશે. ભારતમાં ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભાગમાં હિટવેવ જેવી સ્થિતિ રહી શકે છે. એપ્રિલથી જૂન માટેની પ્રથમ ઉનાળા માટેની આગાહીમાં હવામાન વિભાગે કહ્યું છે કે, સિઝનલ તાપમાન ઉત્તર પશ્ચિમ ભારતમાં સામાન્ય કરતા એક ડિગ્રી વધારે રહેશે. વર્ષ ૨૦૧૬માં સામાન્ય કરતા વધારે ગરમ તાપમાન રહી શકે છે. કોર હિટવેવ (ડબલ્યુએચ ઝોન)માં મહત્તમ તાપમાન ખુબ ઉંચુ રહે છે. કોર ડબલ્યુએચ ઝોનમાં જે રાજ્યો

આવે છે તેમાં પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર, મધ્ય મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. કોર ડબલ્યુએચ ઝોનમાં હિટવેવની ચેવતણીની શક્યતા દેખાઈ રહી છે. સામાન્ય તાપમાન કરતા ઉંચા તાપમાન માટે અલનીનોને જવાબદાર ગણવામાં આવે છે. ૧૯૦૧ બાદથી વર્ષ ૨૦૧૫માં સૌથી વધારે ગરમ વર્ષ તરીકેની નોંધણી થઇ હતી. વર્ષ ૨૦૧૫માં શરૂ થઈને પ્રશાંત મહાસાગરમાં મજબૂત અલનીનોની સ્થિતિ થઈ હતી. નવેસરની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, હોટ વેધર સિઝન જોવા મળી શકે છે. ગ્રીન હાઉસ ગીસોના પ્રવાહમાં વધારો થઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૬માં તીવ્ર ગરમીનો અનુભવ થઈ શકે છે. આઈએમડીના ૩૬ સબ ડિવિઝનમાં મહત્તમ તાપમાન વધી શકે છે. આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, એક ડિગ્રી સુધીનો વધારો જોવા મળશે.

# ભાજપના પ્રદેશ મહામંત્રી ભરતસિંહની કારને અકસ્માત

ગાંધીનગર, તા. ૧

પ્રદેશ ભાજપના મહામંત્રી ભરતસિંહ પરમારની ગાડીને અકસ્માત નડતા ભરતસિંહને ઈજાઓ થતા સારવાર અર્થે નજીકની ભરૂચ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેમની તબીયત સારી હોવાનુ જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ ભાજપના પ્રદેસ મહામંત્રી ભરતસિંહ પરમારની ગાડીને ભરૂચ નજીક પાલેજ પાસે અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં ભરતસિંહ પરમારને શરીરના ભાગે ઈજાઓ થતાં નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જો કે તેમની તબીયત સંપૂર્ણ સ્વસ્થ હોવાનું જાણવા મળે છે.

# કેન્દ્રના પ્રજાલક્ષી અભિગમથી સ્થાનિક ગેસની કિંમતો ઘટી છે

અમદાવાદ, તા.૧

ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના પ્રજાલક્ષી અભિગમના પરિણામે સ્થાનિક ગેસની કિંમતોમાં ઘટાડો થથાં તેનો સીધો લાભ ગ્રાહકોને મળે તે માટે રાજયસરકાર હસ્તકની ગુજરાત ગેસ લિમિટેડ કંપની દ્વારા તેના ઘરેલુ વપરાશના પીએનજી તથા સીએનજી ગેસના ભાવમાં આજથી એટલે કે તા. ૦૧-૦૪-૨૦૧૬ થી ઘટાડો કરવાનું નક્કી કર્યુ છે જેના કારણે કંપનીના ગ્રાહકોને વાર્ષિક રૂ. ૩૭૫ કરોડનો સીધો આર્થિક લાભ થશે. તેમણે જણાવ્યું હતું કે, ઘર વપરાશમાં વપરાતો પીએનજી સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટરે રૂ. ૨.૭૭ અને સીએનજીમાં પ્રતિ કિલો ૯૦ પૈસા સસ્તો થયો છે. આ જ રીતે ઔદ્યોગિક વપરાશના ગેસની કિંમત પણ ઘટી છે. પીએનજી (ઘરેલુ)ની કિંમતમાં પ્રતિ એસસીએમ રૂ. ૨.૭૭ જેટલો ઘટાડો થયેલ છે. સીએનજીના ભાવમાં પ્રતિકિલો રૂ. ૦.૯૦ જેટલો ઘટાડો થયેલ છે. ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ગેસના ભાવમાં ઘટાડો થતા તેનો સીધો લાભ ૧૦.૭૦ લાખથી વધુ ઘરેલુ ગ્રાહકોને તથા ૨૪૧ સીએનજી સ્ટેશનો દ્વારા દૈનિક સીએનજી ભરાવતા ૧.૬૫ લાખ સીએનજી વપરાશકર્તાઓને મળશે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત ગેસ લિમિટેડ આંતરરાષ્ટ્રીય બજારમાંથી નેચલગેસ ખરીદીને વિવિધ લઘુ મધ્યમકદના ઔદ્યોગિક અને કોમર્શિયલ એકમોને પુરો પાડે છે.


**વેચવાનું છે**

સેક્ટર-૨/ડી, સ્વામિનારાયણ મંદિર રોડ ઉપર પ્લોટ નં. ૧૧૨૦/૨, ૧૩૫ ચો.મી.ના પ્લોટનું ભોંયરા સાથેનું બે માળનું મકાન વેચવાનું છે.

સંપર્ક : ૯૭૧૨૭ ૩૧૮૯૭

(દલાલ માફ)




